## જન્મદિને વધામણી



રામાભાઈ જી. જોષી
મો. ૯૯૨૪૩ ૩૬૨૩૭



જીલુભા ઘાઘલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



દૃષ્ટિ ભાવેશકુમાર રાજવંશી
મો. ૯૨૩૮૦ ૪૨૨૩૨



મૈત્રી રાજેશભાઈ વાઘેલા
મો. ૯૯૨૪૭ ૨૨૯૦૩



એસ એમ કાછિયાપટેલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



જીતેન્દ્રકુમાર કાંતિલાલ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧



સિદ્ધિ ચિંતન ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧

# પક્ષી બચાવવા માટે સર્વ નેતૃત્વ ગૃપની અનોખી પહેલ




ગાંધીનગરની અગ્રણી શિક્ષણ સંસ્થા કડી સર્વ વિશ્વવિદ્યાલયાના સર્વ નૃત્વ ગૃપના અલગ અલગ કોલેજના વિદ્યાર્થિઓ દ્વારા મકરસંક્રાન્તિના તહેવાર પ્રસંગે નિર્દોષ પક્ષીઓનો જીવ જોખમમાં નહીં મૂકવા આગ્રહભરી રજૂઆત કરવામાં આવી છે.

જાહેર સ્થળોએ બેનરો સાથે નગરજનોને અપીલ કરીને સવારે ૬ થી ૯ અને સાંજે ૫ થી ૭ દરમિયાન પતંગ નહીં ચગાવીને અબોલ પંખીઓની પાંખો ને કપાતી બચાવવા માટે માનવતા દાખવવા સમજાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના કોલેજિયન યુવાનો દ્વારા તારીખ ૮ જાન્યુઆરીથી ૧૨ જાન્યઆરી દરમિયાન સેફ સ્કાય મિશન હાથ ધરવામા આવ્યું હતું. અભિયાન અંતર્ગત સેક્ટર-૨૪, સેક્ટર-૭, અક્ષરધામ મંદીર, સેક્ટર-૨૧, અને પથિકાશ્રમ વિસ્તાર ખાતે જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સમગ્ર અભિયાનમાં સુરજ મુંજાણી, રજત જોષી, રવી સોલંકી, વિજેન્દ્ર દેવડા, દિપ બોડા, સુહાની પટેલ, પાર્થ પટેલ, તહેર તિંનવાલા, હાર્દિકસિંહ ચુડાસમા, હિરેન પરમાર અને સાથીઓ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

### આરાધના વિદ્યાવિહાર ખાતે

## વાર્ષિક રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૩

વિદ્યાર્થીના જીવનમાં ખેલદિલી, ઉત્સાહ, નેતૃત્વ, ધીરજ, ચપળતા, આનંદ વગેરે ગુણો કેળવાય તે હેતુથી આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે તાજેતરમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ સ્લો સાઈકલિંગ, રૂમાલ પકડ, ઝેરી દડો, ફુગ્ગા ફોડ, લીંબુ-ચમચી દોડ, સંગીત ખુરશી, કોથળા દોડ, આંધળાનો ગોળીબાર, રસ્સાખેંચ, ત્રિપગી દોડ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક અને મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

મૅનેજિંગ ટ્રસ્ટી અને આચાર્યએ જીવનમાં રમત દ્વારા શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસ કરી ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય એવો સંદેશ આપતાં વિદ્યાર્થીઓને રમતોનું મહત્ત્વ સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ શિક્ષકો અને વહીવટી સ્ટાફે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

### ગ્રામ વ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા ખાતે ખાતે

## સહકારી પ્રબંધન ડિપ્લોમા કોર્સનો પ્રારંભ




ગાંધીનગર, તા. ૧૩

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય સહકારી શિક્ષા કેન્દ્ર, ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ, નઈ-દિલ્લીના સંયુક્ત ઉપક્રમે એમ.બી.એ. - ગ્રામ વ્યવસ્થાપનના વિદ્યાર્થિઓ માટે સહકારિતા પ્રબંધનમાં ૧ વર્ષીય ડિપ્લોમા એડઓન કોર્સ તરીકે શરૂ કરવામાં આવ્યો. ઉદઘાટન સત્રમાં ઉદ્બોધન આપતા એન.સી.યૂ.આઈ. નવી દિલ્લીના સલાહકાર ડૉ. ગુલાબ સિંહ 'આઝાદે' કહ્યું કે સહકારિતા આપણી અર્થવ્યવસ્થાના વિકાસ માટેનો સશક્ત માધ્યમ છે.

દેશમાં સહકારિતાનો ઘણો મોટો તંત્ર છે અને માનવ જીવનના દરેક ક્ષેત્રમાં સહકારિતાનો આગવી પ્રદાન દેખાય છે. આ ડિપ્લોમા પાઠ્યક્રમ ગ્રામીણ યુવાનોને સહકારિતા પ્રત્યે સંવેદનશીલ બનાવશે અને કર્તવ્યનિષ્ઠ અને યોગ્ય સહકારી નેતૃત્વની ગરજ પૂરી પાડશે. એન.સી.સી.ઈ., નવી દિલ્લીના નિયામક જેના નેજા હેઠળ આ ડિપ્લોમા પાઠ્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, ઉદ્બોધન આપતા જણાવ્યું કે આજે સહકારી ક્ષેત્રમાં મૂલ્યોનાં વિકાસ તથા ઉદ્યમિતા માટે તકનીકી પ્રબંધકીય કૌશલ્યોનાં વિકાસની ખૂબ જ જરૂરિયાત છે.

આ ડિપ્લોમા પાઠ્યક્રમ થકી ગ્રામીણ શિક્ષિત યુવાનોમાં સહકારી વ્યવસ્થા વિશે એવી સૂઝબૂઝ વિકસિત થશે જે સહકારી ક્ષેત્ર અને યુવા માનવશક્તિનો વિકાસ બન્ને માટે નવા ક્ષિતિજ આપશે. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત ઉદ્બોધનમાં ગ્રામ વ્યવસ્થાપન વિભાગના નિયામક પ્રો. રાજીવભાઈ પટેલએ કહ્યું કે અમે આ ડિપ્લોમા પાઠ્યક્રમ શરૂ કરવા બદલ શીર્ષસ્તરીય સંસ્થા ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘનો આભાર માનીએ છીએ એનાથી અમારા વિદ્યાર્થી બે ડિગ્રી સાથે મેળવશે અને ગ્રામીણ વિકાસમાં પોતાનો મહ્ત્તમ પ્રદાન સુનિશ્ચિત કરશે.

સહકારિતા દેશના વિકાસનો પાયો છે એના વગર ઉદ્ધાર નથી. ગૂજરાત વિદ્યાપીઠના સંસ્થાપક રાષ્ટ્રપિતા મહાત્માગાંધી પણ આવું જ વિચારતા હતા કે ગામ લોકો થકી જ ગામનો વિકાસ થાય લોકો એટલા સક્ષમ અને સ્વાબલંબી બને કે તે પોતાનો અને સમાજનો સમગ્ર તેમજ સર્વાંગી વિકાસ કરી શકે.

## સરકારી પ્રાથમિક શાળા, સૅ.૭નું ગૌરવ વધારતા વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર વિસ્તાર સંચાલિત સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૭ના ધોરણ-૮નાં વિદ્યાર્થી ફાલ્ગુની રાજીવકુમાર વાઘેલા અને રાજુ કરસનભાઈ લામ્બરિયાએ રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા લેવામાં આવેલી નૅશનલ મિન્ટ કમ મૅરિટ પરીક્ષામાં સારા માર્ક્સે ઉત્તીર્ણ થઈ સ્કૉલરશીપ માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી છે.

ઉપરાંત શાળાના ધોરણ-૬ના વિદ્યાર્થી બલભદ્ર સુરજસિંહ દરજીએ રાજ્યકક્ષાની ટે-ક્વોન-ડો સ્પર્ધામાં ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યો છે.

ત્રણેય વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ગર્વની લાગણી વ્યક્ત કરતાં શાળા પરિવારે તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા બ્રહ્માણી કૃપા હોલ, સેક્ટર-૨૩ ખાતે ગુરુવારે સ્વામી વિવેકાનંદ જયંતિ (રાષ્ટ્રીય યુવા દિવસ)ની ઉજવણીમાં ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધી હતો. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચનમાં ડૉ. ધર્મેન્દ્ર પટેલદ્વારા યુવાનોને સફળ જીવન માટે વિવેકાનંદજીના પાંચ સિદ્ધાંતો 'આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન, આત્મ-નિર્ભરતા, આત્મ સંયમ અને આત્મ ત્યાગ'ને અનુસરવાની વાત કરવામાં આવી હતી. કાર્યક્રમના મહેમાન વક્તા તરીકે રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર, ગાંધીનગરના અધ્યક્ષ રજનીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આરોગ્ય સાધના, જ્ઞાન સાધના અને ધ્યાન સાધનાની વાત કરી હતી. તેમણે યુવાનોને જ્ઞાતિ, જાતિના બેદભાવથી ઉપર ઊઠીને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંકલન અને આયોજન ડૉ. રણછોડ રથવી, ડૉ. ધર્મેન્દ્ર પટેલ, રોનક કડીયા, મનન પટેલ, સુરજ મુંજાણી, ભવદીપસિંહ વાળા તથા એનએસએસ અને સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુંહતું.

## આર સી પટેલ સ્કૂલના શિક્ષકોએ સમૂહમાં પિકનીકની મજા માણી

### ૪૮ શિક્ષકોએ નેચરલ સાઈટની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સ્કૂલના ૪૮ શિક્ષકોએ તાજેતરમાં પંચમહાલના બાકોર સ્થિત નેચરલ સાઈટની મુલાકાત લીધી હતી. શાળાના શિક્ષકો પોતાના વ્યસ્ત કાર્યક્રમ અનો સામાજિક જવાબદારીઓ વચ્ચે પોતાને સ્વસ્થ રાખીને માનસિક રીતે મજબૂત બની કાર્ય કરી શકે તે માટે શાળાનાં ડિરેક્ટર ડૉ. વીણાબેન પટેલ અને આચાર્ય વિનોદભાઈ પટેલ દ્વારા આ પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શિક્ષકોએ ટ્રેકિંગ, કૅમ્પ ફાયર, હાઈરોપ વૉક જેવી સાહસિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો હતો અને ભાદરવીના ધોધમાં ન્હાવાની પણ મજા માણી હતી.


## રેડિયન્ટ સ્કૂલ દ્વારા પતંગ ઉત્સવની ઉજવણી



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં 'મકરસંક્રાંતિ' પર્વ નિમિત્તે 'પતંગોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓને પર્વનું મહત્ત્વ સમજાવ્યા બાદ દોરી-પતંગના ઉદાહરણ દ્વારા તેમને ઐક્યની શક્તિ તથા ઊંચે આકાશ સુધી પહોંચ્યા પછીની સ્થિરતાનો મહિમા સમજાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આંખો પર સનગ્લાસીસ, માથા પર અવનવી ટોપી, નીતનવા અવાજ નીકળતાં ભૂંગળાં અને સંસ્થા તરફથી આપવામાં આવેલા રંગબેરંગી પતંગોથી વિદ્યાર્થીઓએ આકાશને ભરી દીધું હતું અને મકરસંક્રાંતિને મન ભરીને ઊજવી હતી.

સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓને પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

# 'અમદાવાદી'એ ગાંધીનગર, બાલાસિનોર અને કપડવંજમાં ધૂમ મચાવી



## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત, સ્વ. ભગવત ભાવસાર લિખિત અને હિમાંશુ ભચેચ દિગ્દર્શિત નાટક 'એકે હજારો અમદાવાદી'એ પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી લૂંટી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત નાટક 'એકે હજારો અમદાવાદી'ના ત્રણ શોનું સફળ મંચન ગાંધીનગર, બાલાસિનોર અને કપડવંજ ખાતે કરવામાં આવ્યું હતું.

સ્વ. નાટ્યકાર ભગવત ભાવસાર લિખિત અને હિમાંશુ ભચેચ દિગ્દર્શિત આ નાટક ગાંધીનગરના આંબેડકર હૉલ ખાતે ભજવાયું ત્યારે નગરના નાટ્યરસિકો મોટી સંખ્યામાં તેને માણવા માટે ઉપસ્થિત રહ્યા હતા. નાટકના પ્રારંભે સ્વર્ગસ્થ લેખકના પરિવારજનોને સ્ટેજ પર આમંત્રિત કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને લેખકની નાટ્યપ્રવૃત્તિનો પરિચય આપ્યા બાદ નાટ્યનો આરંભ કરવામાં આવ્યો હતો. નાટકે પ્રેક્ષકોને પેટ પકડીને હસાવ્યા હતા અને તેમને ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું હતું. નાટકની પરાકાષ્ટાના દશ્યમાં 'અમદાવાદી' પાત્ર દ્વારા પોતાની મિલકતનો મોટો હિસ્સો સૈનિકોના લાભાર્થે અર્પણ કરી દેવામાં આવે છે -એ દશ્યને પ્રેક્ષકોએ ભરપૂર પ્રશસ્તિ આપી હતી. ત્રણેય શો વખતે આખોય હૉલ આ દશ્ય જોયા બાદ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો હતો. આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષ ખત્રી, સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલ, મંત્રી મનોજ શુક્લ, સૅક્ટર-૩ ન્યૂ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, પત્રકાર ભૂપેન્દ્ર શ્રોત્રિય અને નાટ્યકાર નવિન સિંગલ ઉપસ્થિત રહ્યા હતા. સંગીત નાટક અકાદમી દ્વારા આયોજિત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૭માં શ્રેષ્ઠ અભિનય માટે પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર ગાંધીનગરના અભિનેતા દિવ્યકાન્ત વર્માનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું.

'એકે હજારો અમદાવાદી' નાટકનો બીજો શો બાલાસિનોર ખાતે યોજવામાં આવ્યો હતો. સર્વોદય ઍજ્યુકેશન ઍન્ડ સોશિયલ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમની યજમાની કરવામાં આવી હતી. ટ્રસ્ટ સંચાલિત એ યુ ઘંટીવાલા સ્કૂલ દ્વારા પ્રથમ વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વાલીઓના મનોરંજન અર્થે આ નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. આ કારણે નાટકને ખૂબ મોટી સંખ્યામાં પ્રેક્ષકો મળ્યા હતા. હકડેઠઠ મેદની વચ્ચે આ નાટક શાનદાર રીતે ભજવાયું અને ઝીલાયું પણ હતું. ટ્રસ્ટના પ્રમુખ શરીફભાઈ શેખ, ટ્રસ્ટીઓ અને ઘંટીવાલા સ્કૂલના પ્રિન્સિપાલ તથા સમગ્ર સ્ટાફનો ઉત્સાહી સહકાર આ આયોજન માટે પ્રાપ્ત થયો હતો.

નાટકના ત્રીજા શોનું મંચન કપડવંજ નગર નાટ્યગૃહ (ટાઉનહૉલ) ખાતે કરવામાં આવ્યું હતું. શિવરંજની કલ્ચરલ ક્લબ દ્વારા કપડવંજમાં 'એકે હજારો અમદાવાદી'ની યજમાની કરવામાં આવી હતી. ક્લબના પ્રમુખ શૈલેષભાઈ પટેલ, હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નાટકના મંચનથી પ્રભાવિત થઈ પુનઃ કપડવંજ પધારવાનું ને નાટ્ય શો પ્રસ્તુત કરવાનું આમંત્રણ સૌ કલાકારોને પાઠવ્યું હતું.

આ મનોરંજક નાટકમાં મૌન સાધુ દ્વારા ટકલુના નૅગેટીવ પાત્ર માટે, પ્રતીક્ષા નિમાવત દ્વારા નટખટ પણ લાગણીશીલ સ્ત્રીના પાત્ર માટે, હિમાંશુ ભચેચ દ્વારા નૉકરના કૉમેડી પાત્ર માટે અને કુંતલ નિમાવત દ્વારા ટાઈટલ પાત્ર 'અમદાવાદી' માટે જાનદાર અભિનય આપવામાં આવ્યો હતો.

સૅટીંગ્સ માટે અનુજ સોલંકી, કલીમ હાશમી, વિપુલ સેનમા, કિરણ ઠાકોર અને મૌલિક ગોહિલ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. સંગીત સંચાલન પર્વ નિમાવત દ્વારા અને લાઈટ સંચાલન સાબિર મલેક દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રતીક હીરપરા, અર્થ સાધુ અને દેવલ રામાવત દ્વારા બૅક સ્ટેજની અને મનીષા ખત્રી (વૃંદા ડ્રેસીસ), નીતા ભચેચ તથા કશ્યપ નિમાવત દ્વારા ડ્રેસિંગ્સ, મંચ સજ્જાની જવાબદારી નિભાવવામાં આવી હતી.